# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-02-2025** **Morning : 7.10 to 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1. **જૂનાગઢ મહાનગરપાલિકા , 66 નગરપાલિકા સહિતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટેની મતગણતરી આજે હાથ ધરવામાં આવશે.**
2. **રાજ્ય સરકાર દ્વારા ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી માટેની નોંધણી આજથી શરૂ થશે.**
3. **સ્ટેટ મોનિટરિંગ સેલ -SMC પોલીસ સ્ટેશનમાં NDPSનો પ્રથમ કેસ નોંધાયો.**
4. **રાજ્યનાં મોટાં ભાગનાં જિલ્લાઓમાં મહત્તમ તાપમાન 33 ડિગ્રીને પારઃ આગામી પાંચ દિવસ મહત્તમ તાપમાન યથાવત રહેશે.**
5. **વડોદરામાં રમાયેલી મહિલા ક્રિકેટ પ્રીમીયર લીગ- WPLની મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ દિલ્હી કૅપિટલ્સને આઠ વિકેટથી પરાજય આપ્યો.**

---------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# LOCAL BODY ELECTION

રાજ્યની જૂનાગઢ મહાનગરપાલિકા , 66 નગર પાલિકા અને તાલુકા-જિલ્લા પંચાયત સહિતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટેની મતગણતરી આજે હાથ ધરવામાં આવશે. મતગણતરી માટેની તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. મતગણતરી પહેલા તમામ EVM ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને સીસીટીવી કેમેરાની નજર હેઠળ રાખવામાં આવ્યાં છે.

રાજ્યમાં રવિવારે શાંતિપૂર્ણ માહોલમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનું મતદાન સંપન્ન થયું હતુ. જૂનાગઢ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે સરેરાશ 44.32 ટકા, જ્યારે 66 નગરપાલિકાની સામાન્ય ચૂંટણી માટે સરેરાશ 61.65 ટકા તેમજ ત્રણ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી માટે 65.07 ટકા મતદાન થયું હતું.

આ ચૂંટણીમાં 213 બેઠકો બિનહરીફ થતાં 5 હજાર 84 ઉમેદવારોનું ભાવિ EVMમાં સીલ થયું હતું.

# ASSEMBLY BUDGET SESSION

આવતીકાલથી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર શરૂ થઈ રહ્યું છે. પ્રથમ દિવસે રાજ્યપાલના સંબોધનથી સત્રની શરૂઆત થશે , જ્યારે 20 ફેબ્રુઆરીએ નાણામંત્રી કનુભાઈ દેસાઈ વર્ષ 2025-26નું અંદાજ પત્ર રજૂ કરશે.

પ્રસ્તુત છે અમારા પ્રતિનિધિનો એક અહેવાલ....

**(બાઈટ – દૂર્ગેશ મહેતા)**

# CHANA RAIDO MSP

રાજ્ય સરકાર દ્વારા ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવશે. આજથી 9 માર્ચ સુધી ખેડૂતોએ ગ્રામ્યકક્ષાએ ઈ-ગ્રામ કેન્દ્રો ખાતે VCE મારફતે નાફેડના ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર વિના મૂલ્યે ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે. 14 માર્ચથી વિવિધ ખરીદી કેન્દ્રો પરથી ચણા અને રાયડાની ખરીદી કરવામાં આવશે, એમ સંયુક્ત ખેતી નિયામકની યાદીમાં જણાવાયું છે.

વર્ષ 2024-25ની સિઝનમાં ચણાના પાક માટે પ્રતિ ક્વિન્ટલ 5 હજાર 650 રૂપિયા અને રાયડાના પાક માટે પ્રતિ ક્વિન્ટલ 5 હજાર 950 રૂપિયા ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે.

# CCTV RAJKOT

રાજકોટનાં એક મેટરનિટી હોમમાં મહિલા દર્દીઓનાં સારવારનો સીસીટીવી વિડીયો વાઇરલ થયાની ઘટનાની તપાસ પોલીસને સોંપવામાં આવી છે.

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે ગ ઈકાલે જણાવ્યું હતું કે , અહેવાલ આવ્યા બાદ પગલાંઓ લેવામાં આવશે. નર્સિંગ ભરતી માટેની પરીક્ષામાં કથિત ગેરરિતી અંગે શ્રી પટેલે જણાવ્યું કે , આ અંગે તપાસ ચાલી રહી છે, વિદ્યાર્થીઓનાં હિતમાં ટૂંક સમયમાં જ નિર્ણય લેવાશે.

# 3 TO 8 STANDARD EXAM

રાજ્યની તમામ માધ્યમની સરકારી , ગ્રાન્ટેડ અને સ્વનિર્ભર પ્રાથમિક શાળાઓનાં ધોરણ ત્રણથી ધોરણ 8 સુધીનાં વિદ્યાર્થીઓની દ્વિતીય સત્રાંત પરીક્ષા 7 એપ્રિલથી 25 એપ્રિલ દરમિયાન યોજાશે. સમગ્ર રાજ્યની શાળાઓમાં એકસૂત્રતા રહે તે માટેનું સમાન સમયપત્રક જારી કરવામાં આવ્યું છે.

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદની યાદીમાં જણાવવામાં આવ્યું છે કે આ પરીક્ષા માટે ધોરણવાર અને વિષયવાર પરિરૂપ રાજ્યકક્ષાએથી તૈયાર કરીને તમામ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનને આપવામાં આવ્યું છે.

# NDPS FIRST CASE

સ્ટેટ મોનિટરિંગ સેલ -**SMC** પોલીસ સ્ટેશનમાં નાર્કોટિક્સ ડ્રગ્ઝ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સિસ રુલ્સ- **NDPS** હેઠળ પ્રથમ કેસ નોંધાયો છે. SMC પોલીસ સ્ટેશનની ખાસ ટીમે નશીલા દ્રવ્યો સાથે એક નાઇજિરિયન યુવતીને નવસારીથી પકડી તેની સામે કાર્યવાહી શરૂ કરી છે.

ઉલ્લેખનીય છે કે , રાજ્યમાં સંગઠિત ગુનાઓ સામે ની લડતને વધુ અસરકારક બનાવવા માટે ગુજરાતનાં ગૃહ વિભાગે તાજેતરમાં સ્ટેટ મોનિટરિંગ સેલ ( SMC)ને અલાયદા પોલીસ સ્ટેશનનો દરજ્જો આપી , તેને વિશેષ સત્તાઓ આપવાનો નિર્ણય લીધો હતો.

# AHD AIRPORT LAGGUAGE

અમદાવાદનાં સરદાર વલ્લભભાઇ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ઉપર 31 જાન્યુઆરી 2025 સુધીમાં સેલ્ફ બેગેજ ડ્રોપ સુવિધા દ્વારા 1 લાખ 70 હજારથી વધુ બેગોની પ્રક્રિયા કરવામાં આવી છે.

છેલ્લા બે વર્ષમાં આ અદ્યતન સુવિધાના ઉપયોગમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. આ સુવિધા મારફત દર 20 બેગે એકનું ચેક ઇન થવાના કારણે એરપોર્ટ ખાતે કાઉન્ટર્સ પર પ્રવાસીઓના વેઈટિંગ સમયમાં ઘટાડો થયો છે.

# WEATHER

છેલ્લા 24 કલાકમાં રાજ્યના અનેક જિલ્લામાં મહત્તમ તાપમાન 33 ડિગ્રીને પાર થયું હતું અને લઘુત્તમ તાપમાન પણ સામાન્ય કરતાં ત્રણથી ચાર ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાયું હતું. આ વર્ષે રાજ્યમાં ફેબ્રુઆરી મહિનામાં સામાન્ય કરતાં વધુ તાપમાન નોંધાઈ રહ્યું છે.

છેલ્લા 24 કલાક દરમિયાન સૌથી વધુ 35.8 ડિગ્રી સેલ્સિયસ તાપમાન ભાવનગરમાં નોંધાયું હતું જ્યારે લઘુત્તમ તાપમાન પોરબંદરમાં 15.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. અમદાવાદમાં લઘુત્તમ તાપમાન 19.2 ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન 34 ડિગ્રી સેલ્સિયસ, વડોદરામાં લઘુત્તમ 17.6 ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ 33.6 ડિગ્રી સેલ્સિયસ, રાજકોટમાં લઘુત્તમ 19 ડીગ્રી સેલ્સિયસ અને

મહત્તમ તાપમાન 33.7 ડિગ્રી સેલ્સિયસ તથા સુરતમાં મહત્તમ તાપમાન 35 ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

હવામાન વિભાગના નિદેશક એ.કે.દાસે વધુ માહિતી આપી.

**(બાઈટ – એ.કે.દાસ, હવામાન વિભાગ)**

# CRICKET WPL

વડોદરામાં રમાયેલી મહિલા ક્રિકેટ પ્રીમીયર લીગ- WPLની મેચમાં ગઈકાલે રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ દિલ્હી કૅપિટલ્સને આઠ વિકેટથી પરાજય આપ્યો છે. RCBએ જીતવા માટેના 142 રનના લક્ષ્યાંકને 2 વિકેટ ગુમાવ્યા બાદ હાંસલ કરી લીધો હતો.

રોયલ ચેલેન્જર્સે 16 ઓવર અને 2 બૉલમાં 2 વિકેટે 146 રન બનાવ્યા હતા. ટીમનાં સુકાની સ્મૃતિ મંધાનાએ 47 બૉલમાં 81 રન બનાવ્યાં હતાં. અગાઉ દિલ્હી કૅપિટલ્સની ટીમ 19 ઓવર અને 3 બૉલમાં 141 રન પર ઑલઆઉટ થઈ ગઈ હતી.

# DAMAN NOTICE

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં બે અનધિકૃત ઇમારત અને એક લેબર ચાલીનું દબાણ હટાવવામાં આવશે. દમણના  નાયબ કલેકટર પ્રિયાંશુ સિંહ દ્વારા ઘેલવાડ ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલી ધર્મિષા પાર્કની બે ઇમારત અને એક ચાલી અને બે અન્ય મકાનને નોટિસ આપી ખાલી કરવા જણાવ્યું છે.

# RANJI TROPHY

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાઈ રહેલી રણજી ટ્રોફીની સેમિફાઈનલ મેચના પ્રથમ દિવસે  કેરળે પ્રથમ  ઈનિંગમાં 89 ઓવરમાં 4 વિકેટે 206 રન નોંધાવ્યા છે.

કેરળે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. સચિન બેબીએ 193 બોલમાં સૌથી વધુ 69 રન નોંધાવ્યા છે. ગુજરાત વતી અરજાન નગવાસવાલા, પ્રિયજીત જાડેજા અને રવિ બિશનોઈએ 1-1 વિકેટ ઝડપી હતી.